**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૮/૧૦/૨૦૧૭ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૦૪/૧૭**

**નરોડા પો.સ્ટેશન**

ગઈકાલ તા.૧૭/૧૦/૧૭ ના કલાક ૨૦/૨૩ વાગ્યે નરોડા વન ગાડીને પોલીસ કન્ટ્રોલરૂમ તરફથી મેસેજ મળેલ કે, **"રાઠવા પેટ્રોલ પંપ સર્વિસ રોડ, રીંગ રોડ ઉપર એક બાઈનો દોરો તોડી એક ઈસમ ભાગી ગયેલ છે."** જે મેસેજ આધારે સિનીયર પો.ઈન્સ.શ્રી આર.બી.રાણા તથા સેકન્ડ પો. ઈન્સ.શ્રી પી.આર.રામાણી તથા સર્વેલન્સ પો.સ.ઈ. ડી.પી.સોલંકી તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે બનાવવાળી જગ્યાએ પહોંચી ગયેલ અને સદર બનાવ સબંધે સેકન્ડ પો.ઈન્સ.શ્રી પી.આર.રામાણી નાઓએ ફરીયાદી બેનની જણાવેલ વિગતેની ઈ.પી.કો. કલમ ૩૯૨ મુજબ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ વિગતેની ફરીયાદ લઈ નરોડા પો.સ્ટે. । ગુ.ર.નં.૨૯૪/૧૭ થી ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓશ્રીએ સંભાળેલ. આ દરમ્યાનમાં બનાવવાળી જગ્યાએ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર–૨ અશોક યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન–૪ શ્વેતા શ્રીમાળી સાહેબ નાઓ પણ આવી ગયેલ અને તેઓ સાહેબશ્રીઓના માર્ગદર્શન અને સુચના મુજબ બનાવવાળી જગ્યાએથી મળી આવેલ મોટર સાયકલ ના રજીસ્ટ્રેશન નંબર આધારે મો.સા. ધારક ની માહીતી મેળવી જે આધારે એક ટીમ મો.સા. ધારક વિપુલ ઠાકોર રહેવાસી ગામ વડોદરા તા.દહેગામ ના જણાવેલ સનામે મોકલી આપી. મો.સા. ધારક મળી આવતાં તેની સદર ગુના સબંધે પુછપરછ કરતાં તેણે જણાવેલ કે, પોતાના આ કામના ફરીયાદીબેન સાથે છેલ્લા ચાર વર્ષથી પ્રેમ સબંધ છે. પરંતુ પોતે ચાલુવર્ષે લગ્ન કરી લીધેલ હોય જેથી પોતાની સાથે સબંધ ચાલુ રાખવા સારૂં આજરોજ સાંજના સાત વાગ્યે રીંગરોડ પેટ્રોલપંપ પાસે બોલાવેલ હોય જેથી મળવા ગયેલ અને પોતે સબંધ ચાલુ રાખવાની ના પાડતાં પોતાને અગાઉ આપેલ સેમસંગ મોબાઈલ ફોન લઈ લીધેલ જેથી પોતે મો.સા. ચાલુ કરી ભાગવા જતાં ફરીયાદીએ તેની એકટીવા મો.સા. પાછળ હંકારી મો.સા.ને પાછળથી અથડાવી પોતાને પાડી દીધેલ અને મો.સા. ની ચાવી કાઢીલેતાં પોતે ત્યાંથી ભાગી ગયેલ અને આ ફરીયાદ કર્યા બાદ ફરીયાદીએ પોતાને ફોન કરી મેં તારી વિરૂધ્ધમા ફરીયાદ લખાવી દીધેલ છે. જેથી હવે તુ મારી સાથે રહેવા આવી જજે તેમ જણાવેલ હતું. વિગેરે હકીકત જણાવતાં જેથી ઉપરોક્ત હકીકતની ખરાઈ કરવા સારૂં આ કામના ફરીયાદી સોનલબેન નિલેષભાઈ ભગવાનભાઈ ની વિધવા પત્નિ ઉ.વ.૨૮ રહેવાસી દરબારવાસ નરોડા ગામ અમદાવાદ શહેર નીને વિશ્વાસમા લઈ સદર બનાવ સબંધે વધુ પુછપરછ કરતાં પોતે ૧૫ વર્ષ અગાઉ નિલેષભાઈ ભગવાનભાઈ વ્યાસ સાથે પ્રેમ લગ્ન કરેલા અને પોતાના પતિ છેલ્લા પાંચેક વર્ષ અગાઉ મરણ ગયેલ છે. ત્યારબાદ ચારેક વર્ષથી પોતે વિપુલભાઈ ઠાકોર રહેવાસી ગામ વડોદરા તા.દહેગામ જી.ગાંધીનગર ના સંપર્કમા આવેલ અને ત્યારથી પોતે તેની સાથે પ્રેમસબંધ રાખેલ છે. અને આ વિપુલ ઠાકોર નાએ માહે ૫/૨૦૧૭ માં લગ્ન કરી લીધેલ. ત્યારબાદ પોતાને મળતો ન હોય તથા ફોન કરતાં ફોન પણ ઉપાડતો નહોય તથા કોઈ જવાબ આપતો ન હોય કે મળવા આવતો નહોય જેથી ગઈ કાલ તા.૧૭/૧૦/૧૭ ના સાંજના ચારેક વાગ્યે ફોન કરી સાંજના સાતેક વાગ્યે સરદાર પટેલ રીંગ રોડ રાઠવા પેટ્રોલપંપ પાસે તેને મળવા માટે બોલાવેલ અને આ વિપુલ ઠાકોર સાંજના સાતેક વાગ્યે મળવા આવતાં જેને પોતાની સાથે સબંધ ચાલુ રાખવા બાબતે સમજાવતાં તેણે લગ્ન કરી લીધેલ હોય અને સબંધ ચાલુ રાખવાની ના પાડતો હોય જેથી પોતે આ વિપુલ ઠાકોર ભાગવા જતાં તેની મોટર સાયકલની ચાવી કાઢી લીધેલ આથી તે મોટરસાયકલ મુકી જતો રહેલ જેથી આ વિપુલ ઠાકોરને પોતાની સાથે સબંધ રાખવા સારૂં દબાણમા લાવવા તેના વિરૂધ્ધ પોતે ખોટી હકીકત ઉજાવીકાઢી આ ખોટી ફરીયાદ આપેલાની કબુલાત ફરીયાદી બેને કરેલ હોય જેથી આ કામે સેકન્ડ પો.ઈન્સ.શ્રી પી.આર.રામાણી નાઓએ સદર ગુનાના કામે આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

## <u>પાર્વતિ નગર સોસાયટીના કોમન પ્લોટમાં ખુલ્લી જગ્યામાં રેડ કરી ૧૨ જુગારીઓને પકડી કિ.રૂ. ૩૧,૦૨૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર</u>

### <u>ગણનાપાત્ર</u>

આજરોજ તા.૧૭/૧૦/૧૭ ના રોજ ઉપરી અધિકારીશ્રી નાઓ તરફથી મળેલ સુચના તેમજ હાલમાં દિવાળી તહેવાર અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં જુગારને લગતી પ્રવૃતિ શોધી કાઢવા સારૂ સુચના આપેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોડના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૮/૩૦ વાગે ગોપી ડેરી પાસે આવતા પોકો કાનાભાઇ સુરાભાઇ તથા પોકો ગિરિશભાઇ જેસંગભાઇ નાઓએ હે.કો અનિલભાઇ દેવજીભાઇ બનં.૩૦૭૦ નાઓને બાતમી હકીકત આપેલ કે પાર્વતીનગર સોસાયટીની ની અંદર કોમનપ્લોટમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો ગોળ કુડાળુ વળીને પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડે છે જે બાતમી હકીક્ત આધારે સદરી જગ્યાએ રેડ કરી જુગાર રમતા ૧૨ ઇસમોને સ્થળ ઉપર પકડી ગંજીપાના નંગ.૧૦૨ તથા નાણા રૂપિયા. ૩૧,૦૨૦/- સાથે પકડી તમામની વિરૂધ્ધમાં હે.કો અનિલભાઇ દેવજીભાઇ નાઓએ ધી જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

---

## <u>લોડીંગ રીક્ષામાં દેશી દારૂની ફેરાફેરી કરતા ઇસમને પકડી ૩૦૬ લીટર દેશી દારૂ તથા લોડીંગ રીક્ષા મળી કુલ્લે રૂ. ૪૬૧૬૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર</u>

ઉપરી અધિકારીશ્રી નાઓ તરફથી મળેલ સુચના આધારે તેમજ હાલમાં દિવાળીના તહેવાર અનુસંધાને દારૂને લગતી પ્રવૃતિ સંદતર નેસ્ત નાબેદ કરવા સારૂ અમોએ સર્વેલન્સ સ્કોડના માણસોને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ ફરી દારૂની પ્રવૃતિને ડામવા સારૂ સુચના આપેલ જે આધારે સર્વેલન્સ સ્કોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ૧૬/૩૦ વાગે સીટીએમ કેનાલ પર આવતા સાથેના પોકો કીરીટસિંહ મહોબતસિંહ નાઓએ હે.કો મણીલાલ ચંદુભાઇ નાઓને બાતમી હકીક્ત આપેલ કે એક લોડીગ ઓટોરીક્ષા નંબર જી જે ૦૧ સી યુ ૧૧૯૫ નો ચાલક પોતાના કબજાની ઓટોરીક્ષામાં કેટલોક ગેર કાયદેસરનો દેશી દારુનો જથ્થો રાખીને એક્સપ્રેસ હાઇવે તરફથી આવીને અત્રે થઇને ઓઢવ તરફ જનાર છે જે બાતમી હકીક્ત આધારે સદર લોડીંગ રીક્ષાના ચાલકને રોકી લોડીંગ રીક્ષમાં તપાસ કરતા દેશી દારૂ ૩૦૬ લીટર કિ.રૂ.૬૧૬૦/- તથા લોડીંગ રીક્ષા કિ.રૂ.૪૦,૦૦૦/-ની ગણી આરોપી જગદીશભાઇ મોતીજી મેઘવાલ ઉવ ૪૦ રહે ગુલાબનગરની ચાલી સ્યામ એસ્ટેટની સામે અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી હે.કો મણીલાલ ચંદુભાઇ નાઓએ વધુ તપાસ હાથ ધરેલ છે.

---

**સુરક્ષા સેતુ રથ:**

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરીસોલા ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ






નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.